# જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઉભો છે.

## જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે : જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

SATURDAY
31st
OCT. 2020
રાત્રે ૮

જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે. આગમથી લઇને આજ સુધી લખાયેલા ગ્રંથોના પરિચય આજે વિસરાઇ રહ્યા છે, ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.
જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ સમાજને સમાવિષ્ટ કરતું અહિંસા અને પરસ્પર 'જીવો અને જીવવા દો'નો માંગલ્યમય સંદેશ આપે છે. સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ....

## ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ – શનિવાર, સમય રાત્રે ૮ થી ૯

**વ્યાખ્યાતા : प्रा. डॉ. रवीन्द्रकुमार ખાંડવાલા – णाया. नी प्रासंगिकता । • સત્ર સંચાલક : डॉ. સેજલ શાહ**



વક્તા પરિચય : પ્રા. ડૉ. રવીન્દ્રકુમાર ખાંડવાલા શ્રી એચ. કે. આટ્‌ર્સ કોલેજ, અમદાવાદના સંસ્કૃત-પ્રાકૃત વિભાગમાં એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ છે. સાથે પ્રાકૃત બોર્ડ ઓફ સ્ટડીઝમાં સહસ્થાપક અને પ્રાકૃત ગ્રંથ પરિષદમાં માનદમંત્રી તરીકે પણ કાર્યરત છે. ૩૭ વર્ષના તેમના વ્યવસાયિક અનુભવમાં, ૫૦ વ્યાખ્યાનો, ૪૦ પુસ્તકો, ૫૨ શોધપત્રો અને ૬ વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.માં કાર્યરત છે. આવા ઉત્તમ કાર્યોની ફલશ્રૃતિ રૂપે તેમને ૧૦થી વધારે પુરસ્કારો પ્રાપ્ત થયા છે. 'વૈદિકમ' ઉપાધિ ધરાવનાર આ વિદ્વાનને સાંભળવાનો અવસર આંગણે આવ્યો છે.

વ્યાખ્યાન સંક્ષેપ : णायाधम्मकहाओ (ज्ञाताधर्मकथा - अंगसूत्र)
જ્ઞાતા ધર્મકથા – દ્વાદશાંગમાં છઠ્ઠું અંગ છે અને તે કથા પ્રધાન છે. તેની ભાષા પણ અન્ય અંગસૂત્રની અપેક્ષા એ ઘણી પ્રૌઢ અને સાહિત્યિક છે. પ્રસ્તુત આગમ બે શ્રૃતસ્કંધમાં વિભક્ત છે. પ્રથમમાં કથાઓ છે, જે જ્ઞાત અર્થાત ઉદાહરણ છે. અને બીજા શ્રૃતસ્કંધની કથાઓ ધર્મકથાઓ છે. માટે આ આગમનું નામ णाया છે.

શ્રમણ ભગવાન મહાવીરના પાવન પ્રવચનોનું ગણધરોએ સૂત્રરૂપે જે સંકલન અને આકલન કર્યું તે જ સંકલન અંગ સાહિત્યના નામે વિશ્રૃત થયું પ્રસ્તુત આગામમાં આત્માની ઉન્નતિનો હેતુ શો છે ? કયા કારણોને લીધે આત્માની અધોગતિ થાય છે, સ્ત્રીઓ પણ ઉત્કૃષ્ટ આધ્યાત્મિક ઉત્કર્ષ કરી શકે છે. આહારનો ઉદ્દેશ, સંયમી જીવનની કઠોર સાધના, શુભ પરિણામ, અનાશકિત અને શ્રધ્ધાનું મહત્વ વગેરે વિષયો પર કથાઓના માધ્યમથી પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ કથાઓ વાદ-વિવાદ માટે નથી, પણ જીવનના ઉત્થાન માટે છે.

પ્રથમ શ્રૃતસ્કંધના બારમાં અધ્યયનમાં અશુદ્ધ જળને શુદ્ધ કરવાની વાત કરવામાં આવી છે. ખાઇના ગંદા પાણીને સ્વચ્છ કરવાની પદ્ધતિ આધુનિક યુગની ફિલ્ટર પદ્ધતિ સાથે પ્રાયઃ મળતી આવે છે. આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે પણ આ પદ્ધતિ પ્રચલિત હતી. સંસારનો કોઇ પણ પદાર્થ એકાંત રૂપેના શુભ છે અશુભ પ્રત્યેક પદાર્થ શુભમાંથી અશુભ રૂપે અને અશુભમાંથી શુભરૂપે પરિવર્તન થઇ શકે છે. માટે કોઇની પણ ઘૃણા કે તિરસ્કાર કરવો નહીં, એ જ અધ્યયનનો સાર છે.

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની લિંક : https://youtu.be/mbV7jjEuIMY

**ઝૂમ લીંક**
- https://bit.ly/2SuDOzE
- Meeting ID : 890 0779 0733
- Passcode : 232678

મહત્વપૂર્ણ સૂચનો : ઓનલાઇનના આ કોર્સમાં દરેક કલાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેકિનકલ પ્રશ્નો આવ્યો હોય તો સંપક કરો : 97696 55345

- આમંત્રક : જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ
- પ્રેરક : સી. કે. મહેતા

ટ્રસ્ટીગણ : દીપક મહેતા • ઇલા મહેતા • ભારતી મહેતા • સેજલ શાહ યોગીની શેઠ • દિલીપ શાહ • બકુલ ગાંધી • બિપીન દોશી